## દવા લેવાની સરળ રીતો

કેળામાં ગોઠવેલી ટૅબ્લેટ

મધ સાથે લેવાની

પાઉડર (ભૂકો) કરેલી દવા સાકરની સાથે મેળવીને

દવાનો પાઉડર (ભૂકો) કરી અને ચમચો ભરેલા ખાદ્યપદાર્થની સાથે

**ટીબી સંક્રમણ (એલટીબીઆઈ) માટેની સારવાર લઈ રહેલા દરદીઓ દવાઓના લીધે કેટલીક વાર થોડી અગવડતાનો અનુભવ કરી શકે છે, જેમાં સામેલ છે**

ન સમજાય એ રીતે ભૂખ ન લાગવી, ઊબકા અથવા ઊલટી

હાથમાં અને પગમાં સતત ધ્રુજારી અને સુન્નપણું

સતત નબળાઈ, થાક, તાવ, અથવા પેટમાં દુખાવો

નારંગી/લાલ પેશાબ અને આંસું

**આડઅસરો પર નિયંત્રણ કરી શકાય છે અને એ તમને તમારી દવા લેવાથી અટકાવવી ના જોઈએ.**

## તમને થાય એ પહેલાં ટીબીને હરાવો

**નિર્દિષ્ટ કર્યા મુજબની બધી દવાઓ લો અને સંપૂર્ણ કોર્સ પૂરો કરો.**

દરરોજ એક જ સમયે તમારી ટૅબ્લેટ્સ લો.

તમારી દવા શીત અને સૂકા સ્થાનમાં રાખો. તમે તરત જ લેવાના હો ત્યારે જ, પ્રત્યેક ગોળી બહાર કાઢો.

દરરોજ તમારી ટૅબ્લેટ્સ લેવાનું યાદ કરાવવા માટે પરિવારના સભ્ય કે મિત્રને કહો.

આડઅસરો હોઈ શકે છે. એના વિષે તમારા ડૉક્ટર કે નર્સને જણાવો.

ભોજનોની વચમાં તમારી દવા લો અને દારૂ કે તમાકુનું સેવન કરવાનું ટાળો.

પોષણયુક્ત આહારનો ઉપભોગ જાળવી રાખવાનો પ્રયત્ન કરો.

## પ્રોજેક્ટ જીત

જીત પરિયોજના ટીબીને જડથી નષ્ટ કરવાનો સંયુક્ત પ્રયાસ છે. અમારો ઉદ્દેશ્ય છે કે દરેક ટીબી દરદીને યોગ્ય જાણકારી, તપાસ, ઉપચાર અને સુઝાવ એમના ઉપચારની પૂરી અવધિ સુધી મળે. જીતના અંતર્ગત, હવે ટીબી દરદીઓની દેખભાળની સાથે, એમના પરિજનોને પણ ટીબી રોગની સામે સંરક્ષણ આપવાનો પ્રયત્ન કરવામાં આવી રહ્યો છે. ટીબી સંક્રમણના વિષયમાં જાગરૂકતા ફેલાવીને, અને યોગ્ય સમય પર ટીબી સંક્રમણનો ઉપચાર કરીને, ટીબીને થતા પહેલાં જ હરાવી શકાય છે. જીત પરિયોજના, સરકારના સહયોગથી, દેશના ખૂણે ખૂણે પહોંચીને ટીબી અને સુપ્ત ટીબીની જાણકારી, તપાસ અને ઉપચારમાં લાખો પરિવારોની મદદમાં કાર્યરત છે.



# ટ્યુબરક્યુલોસિસથી તમારું અને તમારા પરિવારનું સંરક્ષણ કરો

Joint Effort for Elimination of Tuberculosis

પ્રોજેક્ટ જીત પ્રતિનિધિ: ______________________

સંપર્ક નં.________________

# ટ્યુબરક્યુલોસિસ (ટીબી)

ટીબી એ ફેલાઈ શકે એવી બીમારી છે જ્યારે ટીબી ધરાવતી વ્યક્તિ ઉધરસ કે છીંક ખાય ત્યારે ફેલાય છે.

**જ્યારે ટીબી બેક્ટેરિયા હવામાં ફેલાય છે ત્યારે ત્રણમાંથી એક વાત બનશે.**

**જો તમે ટીબી બેક્ટેરિયામાં શ્વાસ લો**



તમારું શરીર ટીબી બેક્ટેરિયા મારી નાંખે છે જેથી એ તમને હમણાં કે ભવિષ્યમાં હાનિ ના કરી શકે;



ટીબી બેક્ટેરિયા તમને બીમાર કરશે – આને કહેવાય છે **એક્ટિવ ટીબી**



ટીબી બેક્ટેરિયા તમારા શરીરમાં સૂઈ રહે છે – આને કહેવાય છે **ટીબી સંક્રમણ**

## એક્ટિવ ટીબી

**જો તમારામાં કે તમારા પરિવારના કોઈપણ સભ્યમાં લક્ષણો દેખાય જેમ કે**



ઉધરસ, તાવ



રાતના પરસેવો



ન સમજાય એ રીતે વજન ઓછું થવું, અને બાળકોમાં, વજન ના વધવું



ભૂખ ના લાગવી

## તરત ડૉક્ટરની સાથે પરામર્શ કરો

## ટીબી સંક્રમણ

સુપ્ત ટીબી એક એવી અવસ્થા છે જેમાં ટીબીના જીવાણુ શરીરમાં રહે તો છે, પરંતુ સ્વસ્થ શરીરની રોગ પ્રતિરોધક શક્તિના કારણે એ સુપ્ત કે નિષ્ક્રિય રહે છે. ભવિષ્યમાં કોઈપણ કારણવશ રોગ પ્રતિરોધક શક્તિ ઓછી થવા પર આ જીવાણુ શરીરમાં સક્રિય થઈને વ્યક્તિને બીમાર કરી શકે છે.

પરંતુ ડરવાની જરૂર નથી કારણ કે ટીબી સંક્રમણને સક્રિય ટીબી થવાથી અટકાવવા એની સારવાર કરી શકાય છે.

**ટીબી સંક્રમણથી (ચેપ) ટીબી વિકસિત થવાનું ઉચ્ચ જોખમ ધરાવતા લોકો**



5 વર્ષથી ઓછી ઉંમરનાં બાળકો

ઓછું વજન ધરાવતા લોકો

દારૂ અને તમાકુનું સેવન કરનારા લોકો

ડાયાબિટિસ, કિડનીની તકલીફ, એચઆઈવી વગેરે ધરાવતા લોકો

જો તમે અથવા તમારા સ્વજન ટીબી સંક્રમણ ધરાવતી વ્યક્તિના સંપર્કમાં આવી ગયા તો, એનાથી તમને અને એમને પણ ટીબી વિકસિત થવાનું જોખમ છે.

## ટીબી સંક્રમણનું નિદાન

**તમને ટીબી સંક્રમણ હોય તો**



તમે માંદા ના પડો

તમને ચિહ્નો અને લક્ષણો નહીં જણાય

તમે અન્યોમાં ટીબી ફેલાવી ના શકો

**પરંતુ તમને ટીબી થવાનું જોખમ છે**

ડૉક્ટરો રક્ત કે ત્વચા પરીક્ષણ દ્વારા ટીબી સંક્રમણનું નિદાન કરી શકે છે.



ટીબીના બેક્ટેરિયાને સુષુપ્તિ અવસ્થામાંથી જાગવાની તક મળે અને એક્ટિવ ટીબી બનવાની શક્યતા થાય એ પહેલાં દવાનો કોર્સ એને મારી શકે છે.

### ટીબી સંક્રમણની સારવાર કરવી:



એલટીબીઆઈ સારવારની અવધિ
**6 મહિના સુધી**

**ટીબી સંક્રમણનો ઉપચાર કરીને તમારા અને તમારા પ્રિયજનોના ભવિષ્યને ટીબી મુક્ત કરો!**